K–43

**FGT-01**

Total No. of Questions : 8] [Total No. of Printed Pages : 4

**BDP / BCA / BIS**

**Term-End Examination**

**June, 2014**

# FGT-01 : FOUNDATION COURSE IN GUJARATI

**Time : 2 Hours]** **[Maximum Marks : 50**

1. નીચેના વિષયોમાંથી ગમે તે એક વિષય પર નિબંધ લખો : 8
   - (a) માનવજીવન અને સમૂહ માધ્યમો
   - (b) ઋતુઓની રાણી
   - (c) ઉચ્ચ શિક્ષણ અને રોજગારી
   - (d) પ્રવાસ–જંગમ વિદ્યાપીઠ

2. નીચેનામાંથી કોઈપણ ચાર પ્રશ્નોના જવાબ આપો : 8
   - (a) આઝાદીના સંદર્ભમુ નવી પેઢી પાસે નહેરુજીની શી અપેક્ષા છે?
   - (b) 'જક્ષણી વાર્તાની નાયિકાને શા માટે આગ્રા જવાનું છે?
   - (c) ગાંધીજીને માર મારનાર ગોરો મુખી કયારે ઢીલો પડયો?
   - (d) વિજ્ઞાનને વરેલી વ્યક્તિમાં કયા ગુણો આવશ્યક છે?
   - (e) હેતીએ કેરી અન્ય જગ્યાએ શા માટે ન વેચી?
   - (f) પત્રકારત્વ લોકમાનસનું ઘડતર કઇ રીતે કરી શકે?

3.(a) કૌંસમાં આપેલા શબ્દમાંથી યોગ્ય શબ્દ વાપરી ખાલી જગા પૂરો : 8

(i) ગાંધીજીએ શરૂ કરેલા 'નવજીવન' 'યંગ ઇન્ડિયા' અને 'હરિજન' એક રીતે જોતાં ——————— હતાં.
(ધાર્મિકપત્રો, સમાચારપત્રો, વિચારપત્રો)

(ii) પ્લાસ્ટિક માટેનાં મૂળ દ્રવ્યો ——————— માંથી મળે છે.
(વનસ્પતિ, પથ્થર, પેટ્રોલિયમ)

(iii) અંગ્રેજોના શાસનકાળ દરમ્યાન ભારતની ——————— અવગણના થઇ.
(સ્ત્રી શક્તિની, કળાઓની, લોકભાષાઓની )

(iv) જે ધ્વનિઓ શબ્દોમાં અરસપરસની અદલાબદલીથી ભાષામાં અર્થભેદ કરે છે તેમને ——————કહે છે.
(સ્વર, વ્યંજન, ધ્વનિસંકેત)

(b) રૂઢિપ્રયોગની સામે તેનો અર્થ લખો :

| | |
|---|---|
| (i) ધૂળ કાઢવી | (A) દુઃખ કે લાગણીથી રડું રડું થઇ જવું |
| (ii) હૈયું ભરાઈ આવવું | (B) સમજવું |
| (iii) પાણી વલોવવું | (C) ધમકાવવું |
| (iv) ગળે ઊતરવું | (D) ખોટી મહેનત કરવી |

4. નીચેનામાંથી ગમે તે બે વિષે ટૂંકનોંધ લખો : 6

(a) જળપ્રદૂષણ

(b) પંચાયતી રાજ

(c) મારા સ્વપ્નનું ગુજરાત

5 નીચેના વાક્યોના શબ્દોનો ક્રમ યોગ્ય રીતે ગોઠવીને તેમને ફરીથી લખો : 4

(a) મનુષ્યજીવનમાં અત્યંત વૃક્ષનું સ્થાન છે મહત્ત્વનું.

(b) રસાયણ–ઊદ્યોગ આજે વિકસી ભારતમાં ચૂક્યો છે.

(c) ગ્રામસંસ્કૃતિને આઘાત આ ઊંડો પહોંચ્યો કારણે અંગ્રેજોના.

(d) આ જેટલું કહેવું છે સહેલું નથી કરવુ સહેલું તેટલું.

6. નીચે અવતરણ ચિહ્નોમાં આપેલ ઉક્તિઓ કોણ બોલે છે તે નામની આગળ આપેલાં ખાનામાં ખરાની નિશાની કરીને દર્શાવો: 4

(a) "તું વળી ખાવાનું મોકલનાર કોણ? જાય છે કે નહીં?"

નાયક ☐ નાયિકા ☐ મહારાજ ☐

(b) "અબ આપ કભી નહીં આયેંગે?"

મા ☐ માલિક ☐ ગુલબ્બો ☐

(c) "આપનો સમભાવ એ તો મહામૂલ્ય વસ્તુ છે."

કલ્યાણકામ ☐ સાવિત્રી ☐ રાઇ ☐

(d) "ના! ડાકણ ચિંતા છે. માનવીના કાળજાને ખોતરી ખાય છે."

કાળુ ☐ રાજુ ☐ રૂખી ☐

7 (a) જગતમાં મૈત્રીભાવના વધારવાનું યુગકાર્ય સ્ત્રીઓ વધારે સારી રીતે કરી શકશે એમ લેખક શાથી માને છે? 6

(b) ધ્વનિપ્રદૂષણ અટકાવવામાં વૃક્ષોની શી કામગીરી છે તેનો પરિચય આપો.

8 નીચેનાં કથનો સમજાવો : 6

(a) 'અમારા આયખામાં જ હિમ પડેલું છે! તમે શું કરો?'

(b) 'એ માત્ર કમરબંધ નથી. એ મારું જીવન છે.'

(c) 'આ મોત તો પગલાં નીચે દબાય છે ને ગુમાનની ભીખની મોટી વાતો પાછી?'